જ્ઞાન-પ્રચાર-પત્રિકા નં. ~~૨૯~~ ૮

॥ તસ્ય વાચકઃ પ્રણવઃ ॥

# નારીની પૂજા એટલે શું ?

સંસ્કૃતના એક શ્લોકનો અર્થ છે કે જ્યાં-જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં-ત્યાં દેવોનો વાસ છે.

નારીની પૂજા એટલે શું ? અબીલ-ગુલાલ કે કંકુ-ચોખા ચડાવવા કે ઘીની દિવેટ પ્રગટાવીને આરતી ઉતારવી વગેરે પૂજાની પ્રચલિત પદ્ધતિ છે. 'પૂજા'નો અર્થ એથી જરા વધુ સારો કરીએ તો નારીને માન-સન્માન અને હકકો આપવા તે થાય. ખરેખર તો 'નારીની પૂજા'નો સાચો, તાત્ત્વિક અને અતિઉપયોગી અર્થ તો એ છે કે નારીને નિર્વાસનિક દૃષ્ટિએ જોવી, આત્મદૃષ્ટિથી નીહાળવી. નરસિંહ મહેતાએ ગાયું છે કે "પરસ્ત્રી જેને માત રે" તે ઘણો ઉંચો આદર્શ છે. પણ નારીનો-શક્તિનો સાચો પૂજારી-ઉપાસક તો તે છે, કે જે એમ સમજે છે કે 'સર્વ સ્ત્રી જેને માત રે'.

ફૂલને તેની ડાળી ઉપરથી ચૂંટી કાઢવું, સૂંઘવું, મસળવું, રગડવું, પગ તળે કચડીને પીલી નાખવું અને છતાંય કહેવું કે હું ફૂલનો પ્રેમી છું-પૂજારી છું; તો ફૂલનો એથી મોટો કરુણ ઉપહાસ બીજો કયો હોઇ શકે ? !

નારીમાંથી નારાયણી બનવું તે નારીના પોતાના હાથની વાત પણ છે. શા માટે તેને કોઇ વાસનાની દૃષ્ટિથી જુવે-જોઇ શકે ? નર હોય કે નારી, જ્યાં સુધી આત્મભાવે જીવવાની કુશાગ્રતા ન આવે ત્યાં સુધી બંને શાંતિ-દરીદ્રી જ રહેવાના.

કવિએ ગાયું છે કે "અબલા જીવન હાય તેરી કરુણ કહાની; આંચલમેં હૈ દૂધ ઔર આંખોમેં હૈ પાની". નારી જો અબલા રહે તો આ બધું જ તેણે વેઠવાનું રહે શા માટે તેણે અબલા રહેવું જોઈએ ? પ્રબલા કેમ ન બની જવું ? પણ પ્રબલા એટલે શું ? પ્રબલા બની જવું એટલે કાંઈ રણચંડી બનીને કોઈની સાથે ઝૂઝવાનું નથી. એમ કરવાથી કોને સફળતા મળી છે ? એ રીતે કોઈને સફળતા મળી નથી તેની સાક્ષી ઈતિહાસ પૂરે છે જ્યાં જુઓ ત્યાં શેર ઉપર સવાશેર તો છે જ.

એમ સાંભળ્યું છે કે મીરાબાઈને જોઇને વિકારીના વિકાર શમી જતા હતા. વિકારીના વિકાર શમી જાય તેવી તાલિમ દીકરીઓને આપવાની યોજનાઓ વિશાળ પાયા ઉપર હાથ ધરાવી જોઇએ. જ્યાં સુધી એવી યોજનાઓ અમલમાં ન મૂકી શકીએ ત્યાં સુધી યથાશક્તિ યથામતિ જે કાંઇ કરી શકીએ તે કરવું ઘટે. નાહ્યા એટલું પુણ્ય.

(પાછળ)

નં.૫

પ્રબલા એટલે 'રણચંડી બનનારી' કે 'દ્વંદ્વયુદ્ધ કરનારી' માત્ર એટલો અર્થ પૂર્ણ કે યોગ્ય નથી તેનો સ્વાનુભાવ તો તે પ્રમાણે અનુસરનારાઓને થઈ જ ગયો હશે. ખરેખર તો પ્રબલાને કોઈ સાથે દ્વંદ્વયુદ્ધમાં ઉતરવું જ ન પડે, જો એવા યુદ્ધમાં ઉતરવું પડે તો તે પ્રબલા કેમ કહેવાય ? પ્રબલા એટલે તો એવું પવિત્ર-સાત્વક વ્યક્તિત્વ કે એ વ્યક્તિત્વના સંપર્કમા આવનારનું રાજસિક-તામસિકપણું ઓગળી જાય; આવા વ્યક્તિત્વના દૈવીશક્તિવલયના સંપર્કમાં આવતાં જ આસુરીશક્તિ પાંગળી થઈ જાય.

બહેન-દીકરીઓને આવી તાલિમ ક્યારે આપી શકીશું ?

# લક્ષ્મી માતા કરે પુકાર....!

કૂંડકાળા કરી-કરીને પૂરી રાખેલી માં લક્ષ્મી કરુણ પોકાર કરીને કહે છે કે :-

"છે કોઇ એવો લાલ માઇનો !
સદ્‌વ્યય કરે જે પાઇએ પાઇનો ?
અમને ખર્ચે જો હિંસા નાથવા,
તો અમે સદાય તેના સાથમાં
બીડુ ઝડપે, અને કરે જે મોઢું લાલ,
તે લાલના ચૂમીશુ અમે ગાલ !!

માં લક્ષ્મી પોકારીને કહે છે કે ઓ અહિંસાના પૂજારીઓ, સદાચારના પ્રેમીઓ, સાચી સેવાના ભેખધારીઓ ! તમે સૌ અમને તીજોરીઓના બંધનમાંથી મુક્ત ક્યારે કરાવશો ? અમારા ગળાનો ગળાચીપ ગાળિયો ક્યારે કપાવશો ? અમે નિષ્પ્રાણ થઈ જઇએ ત્યાર પહેલાં કાંઇક કરો મારા લાલ !"

— યોગભિક્ષુ

પ્રકાશક : ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ
૧/અ, પલિયડનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.